Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજ્લોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેકશન
Wholesale I Retail I Export I Import
(Call & Whatsapp)
9978 661661
www.svhmedint.com
Wholesale Price
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
100 % Genuine Medicine
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS

Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૪૪ ● સળંગ અંક : ૧૧૩૨ ● પ્રકાશિત તા-૧૮-૯-૨૦૨૬,શુક્રવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪

તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

## વિધાનસભા ચૂંટણી પહેલાં

# ગુજરાત પોલીસ બેડામાં મોટા ફેરફારની તૈયારી



ગાંધીનગર : ગુજરાતમાં આગામી વર્ષ એટલે કે ૨૦૨૭ના ડિસેમ્બરમાં વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. રાજયમાં વિધાનસભા ચૂંટણીને માત્ર એક વર્ષ બાકી રહ્યું છે. તેવામાં અધિકારીઓની બદલીની ચર્ચાઓ પણ શરૂ થઈ ગઈ છે. સામે આવેલી વિગત પ્રમાણે આગામી ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી પહેલા રાજયમાં ૫૦થી વધુ IPS અધિકારીઓની બદલી કરાશે. વિધાનસભાની ચૂંટણી પહેલા બદલીઓનો દોર શરૂ થતો હોય છે. તેવામાં આગામી વર્ષે ડિસેમ્બર ૨૦૨૭મા ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે, જે પહેલાં અનેક આઈપીએસ અધિકારીઓની બદલી થઈ શકે છે. આ પહેલા તંત્રએ તૈયારી શરૂ કરી છે. ગુજરાતમાં ૫૦થી વધુ આઈપીએસ અધિકારીઓને બઢતી આપવા અને બદલી કરવાની તૈયારીઓ અંદરખાને શરૂ થઈ છે. રાજયમાં વર્ષ ૨૦૨૪મા અપાયેલા પોસ્ટિંગને ૨૦૨૭મા ત્રણ વર્ષ થઈ જશે, તેવામાં વિધાનસભા ચૂંટણી પહેલા અનેક અધિકારીઓની બદલી થશે. રાજયમાં તાજેતરમાં બે વરિષ્ઠ અધિકારીઓ પ્રફુલકુમાર રોશન અને રાજુ ભાર્ગવની નિવૃત્તિથી ડીજી રેંકમાં બે જગ્યા ખાલી પડી છે. તો ૧૯૯૭ બેચના આઈપીએસ અને અમદાવાદના પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતને ડીજીપીનું પ્રમોશન મળી શકે છે. આ સિવાય એડિશનલ ડીજીપી રેન્કના ખુરશીદ એહમદને પણ ડીજીપી રેન્કમાં પ્રમોશન મળી શકે છે. તો ૧૯૯૮ બેચના અમિત વિશ્વકર્મા અને પિયૂષ પટેલને પણ પ્રમોશન મળે તેવી ચર્ચા છે. જો ચૂંટણી પહેલા બદલીની વાત કરવામાં આવે તો વડોદરાના સીપી, રાજકોટના પોલીસ કમિશનર, એટીએસના વડા અમિત વિશ્વકર્મા, સુરતના ઈન્ચાર્જ સીપી, વડોદરાના રેન્જ આઈજી, સુરતના રેન્જ આઈજી જેવા અધિકારીઓની બદલી થઈ શકે છે. રાજયમાં વર્તમાનમાં ૧૫ આઈપીએસ અધિકારીઓ એવા છે જેની પાસે બે જગ્યાનો ચાર્જ છે. તેવામાં તેમના પર કામનું ભારણ રહેલું છે. તેવામાં ઘણા અધિકારીઓને વધારાના ચાર્જમાંથી મુક્ત પણ કરવામાં આવી શકે છે. વર્તમાનમાં તો આ મુદ્દે માત્ર ચર્ચાઓ ચાલી રહી છે, આ અંગે ગૃહ વિભાગ આગામી સમયમાં શું નિર્ણય લેશે તે જોવાનું રહેશે.

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગનનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેકશન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીગ કરી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-ચંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-ચંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે,
સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં,નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

India's Most Trusted

SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company
Costly Medicines & Injectables at LOW COST
● કેન્સર ● કીડની ● કીમોથેરાપી
● એચઆઈવી ● ન્યુરો ● લીવર
● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ● ઈમરજન્સી
● આઈસીયુ ● રૂમેટોજ્લોજી ● ઓર્થો
● ટ્રાન્સપ્લાન્ટ ● ગેસ્ટ્રો ● લાઈફ સેવિંગ
● બ્લડ પ્રોડક્ટ ● દવાઓ અને ઈન્જેકશન
● વેક્સીન
Pan India Delivery
Wholesale I Retail I Export I Import
Wholesale Price
100 % Genuine Medicine
2°c to 8°c Cold Chain Maintenance
Fast Delivery
(Call & Whatsapp)
9978 661661
www.svhmedint.com
SCANE FOR LOCATION
૦૨, અંકુર સોસાયટી (વિભાગ-૧), GHB કોમ્પ્લેક્સની સામે, અંકુર ચાર રસ્તા પાસે, અંકુર, નારણપુરા,અમદાવાદ-૧૩.
9978661661, 9375047120

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

## બેરોજગારીના કંકાસમાં કાતરના ઘા માર્યા

# વાડજમાં પૈસાની તકરારમાં ભાઈએ ભાઈની હત્યા કરી

### રોજિંદા પારિવારિક ઝઘડા અને બેરોજગારીની તકરારમાં મોટાભાઈએ આવેશમાં આવીને પોતાના જ સગા નાના ભાઈની હત્યા કરી

અમદાવાદ : અમદાવાદ શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા વાડજ વિસ્તારમાંથી લોહીના સંબંધોને લજવતી એક અત્યંત ચકચારી અને કરુણ ઘટના સામે આવી છે. રોજિંદા પારિવારિક ઝઘડા અને બેરોજગારીની તકરારમાં મોટાભાઈએ આવેશમાં આવીને પોતાના જ સગા નાના ભાઈની હત્યા કરી નાખી છે.૨૮ વર્ષીય મૃતક યુવક નરેશ ચૌહાણ કોઈ કામધંધો કરતો ન હોવાથી ઘરમાં અવારનવાર કકળાટ રહેતો હતો. બેરોજગારીના આ મુદ્દે બંને ભાઈઓ વચ્ચે વારંવાર થતો ઝઘડો આખરે નાના ભાઈ માટે જીવલેણ સાબિત થયો હતો.

શહેરના વાડજ વિસ્તારમાં આવેલા ગાંધીનગરના ટેકરામાં ૨૮ વર્ષીય નરેશ ચૌહાણ નામનો યુવક પરિવાર સાથે રહેતો હતો.નરેશ બેરોજગાર હતો જેથી નરેશને તેના મોટાભાઈ રાજુ ચૌહાણ સાથે બોલાચાલી થતી હતી.આજે પણ સાંજના સમયે બંને ભાઈઓ વચ્ચે પૈસા બાબતે તકરાર થઈ હતી.બોલાચાલી ઉગ્ર બનતા ઘરમાં પડેલી કાતર વડે મોટા ભાઈ રાજુએ નાના ભાઈ નરેશ પર હુમલો કર્યો હતો.રાજુએ નરેશને પીઠ અને પેટના ભાગે કાતરના ૭ થી ૮ ઘા માર્યો હતો.



ઘટના સમયે ઘરમાં અન્ય કોઈ સભ્ય હાજર ન હોવાથી, લોહીલુહાણ થયેલા ભાઈને તરફડતો મૂકીને હત્યારો રાજુ ત્યાંથી ફરાર થઈ ગયો હતો.થોડા સમય બાદ જ્યારે બહેન ઘરે પરત ફરી ત્યારે તેણે નરેશને લોહીથી લથપથ હાલતમાં જોઈને તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસ અને એમ્બ્યુલન્સની ટીમ ઘટનાસ્થળે પહોંચી ત્યાં સુધીમાં યુવક મૃત્યુ પામ્યો હતો.

ઘટનાની જાણ થતાં જ વાડજ પોલીસ સ્ટેશનનો કાફલો તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે પરિસ્થિતિ પર કાબૂ મેળવીને મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. ઘટનાસ્થળેથી હત્યામાં વપરાયેલી લોહીવાળી કાતર સહિતના પુરાવા કબજે કરવામાં આવ્યા છે. વાડજ પોલીસે હત્યાની ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કરીને હત્યા કરનાર મોટાભાઈને રાઉન્ડ અપ કરી લીધો છે અને તેની સઘન પૂછપરછ શરૂ કરી છે.

## ૧.૨૫ લાખ દીવડાથી કાંકરિયા તળાવ અને ૭૬ હજાર દીવડાથી અટલબ્રિજ ઝળહળ્યો

# અમદાવાદમાં 'એક દીવો આશીર્વાદનો'થી દીવાળી જેવો માહોલ







અમદાવાદ : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે અમદાવાદના કાંકરિયા ખાતે ભવ્ય દીપોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૧.૨૫ લાખ દીવાઓ પ્રગટાવીને અનોખી ઉજવણી કરાઈ હતી. આ વિશેષ પ્રસંગે શહેરીજનોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી આ દિવ્ય નજારાના સાક્ષી બન્યા હતા.

રિપોર્ટ મુજબ, સૌથી પહેલા સાંજે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ તથા મુખ્યમંત્રીએ પ્રસિદ્ધ જગન્નાથ મંદિરમાં પહોંચીને ભગવાનની આરતી કરી હતી અને વડાપ્રધાનના દીર્ઘાયુ તથા ઉત્તરોત્તર પ્રગતિ માટે વિશેષ પ્રાર્થના કરી હતી. આ ધાર્મિક અનુષ્ઠાન બાદ મહાનુભાવો સીધા કાંકરિયા તળાવ ખાતે પહોંચ્યા હતા, જ્યાં કાંકરિયા પરિસરમાં અદભુત રોશની સાથે ભવ્ય દીપોત્સવ યોજવામાં આવ્યો હતો. અહીં ૧.૨૫ લાખ દીવડાઓ પ્રગટાવવામાં આવ્યા હતા, જેનાથી સમગ્ર વાતાવરણ દિવ્ય અને પ્રકાશમય બની ગયું હતું.

આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી દર્શનાવાઘેલા, શહેરના મેયર હિતેશ બારોટ, સ્થાનિક ધારાસભ્યઓ, શહેર ભાજપ અધ્યક્ષ પ્રેરક શાહ, પૂર્વ સાંસદ સર્વે હરિન પાઠક, ડૉ. કિરીટ સોલંકી, ડેપ્યૂટી મેયર, અંજુ શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન, કમલેશ પટેલ, મ્યુનિ. કમિશનર બંછાનિધિ પાની, અમદાવાદ કલેક્ટર ભવ્ય વર્મા તથા કોર્પોરેટરો, મહાનગરપાલિકાના પદાધિકારીઓ, અધિકારીઓ અને મોટી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

અટલબ્રિજ ખાતે યોજાયેલા 'આશીર્વાદનો દીવડો' કાર્યક્રમમાં ૭૬ હજાર દીવડાં પ્રજવલિત કરવામાં આવ્યા હતા. દીવડાંની રોશનીથી અટલબ્રિજ અને આસપાસનો રિવરફ્રન્ટ વિસ્તાર દીપમાળાથી ઝળહળી ઉઠયો હતો. 'આશીર્વાદનો દીવડો' અભિયાન હેઠળ અમદાવાદ શહેરના ૪૮ વોર્ડમાં પણ કુલ ૪ લાખ ૮૦ હજાર દીવડાં પ્રજવલિત કરી શહેરના વિવિધ વિસ્તારોમાં દીપ પ્રજવલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

# એએમસી દ્વારા શહેરના પૂર્વ અને પશ્ચિમમાં આવેલા પ્લોટની હરાજી કરવામાં આવશે

અમદાવાદ : અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા શહેરના સોલા, આંબલી, ગોતા, જગતપુર અને રાણીપ સહીતના વિસ્તારોમાં રીઝર્વેશનના મળેલા ૯ પ્લોટનું ઈ-જાહેર હરાજીથી વેચાણ કરવામાં આવશે. આ પ્લોટનું વેચાણ થતા રૂા.૧૦૦૧ કરોડની આવક થશે. જે શહેરના વિકાસના કામો પાછળ ખર્ચ કરવામાં આવશે. શહેરના પશ્ચિમ વિસ્તારમાં આવેલા આંબલી, ગોતા સોલા, જગતપુર અને રાણીપ જેવા વિકસીત અને પોશ વિસ્તારમાં આવેલા છે. સૌથી મોટો પ્લોટ ઉત્તરઝોનમાં આવેલા હંસપુરા વિસ્તારમાં ટીપી ૧૦૯નો પ્લોટ નંબર ૯૬ મુકવામાં આવ્યો છે. જે રહેણાંક હેતુ માટેછે. જેની તળીયાની કિંમત મીટર દીઠ રૂ.૭૧૦૦૦ નકકી કરવામાં આવી છે. આ પ્લોટની કિમત રૂા.૨૯૭ કરોડ રૂપિયાથી વધુ છે. તમામ ૯ પ્લોટનું વેચાણની જાહેર હરાજી ૧૫ અને ૧૬ ઓકટોબર રાખવામાં આવી છે. ૧૨ ઓકટોબર સુધી એએમસીની વેબસાઈટ પરથી પ્લોટના જાહેર હરાજીના વેચાણની માહિતી મેળવી અને રજીસ્ટ્રેશન કરાવીશ કે છે. ૧૫ ઓકટોબર રોજ હંસપુર, આંબલી, સોલા અને ગોતા જગતપુર, રાણીપ અને સોલાના ૪ પ્લોટોનું ઈ-જાહેર હરાજી કરવામાં આવશે. ઈજાહેર ટીપી સ્કીમ અંતર્ગત પ્રાપ્ત થયેલા કોર્મશીયલ અને રેસીડેન્સીયલ હેતુના વેચાણ કરીને મેળવેલી રકમનો ઉપયોગ શહેરના વિવિધ વિસ્તારોમાં પ્રાથમીક સુવિધાઓ ઉભી કરવા માટે કરાશે. સ્ટેન્ડીગ કમીટીના મંજુરી બાદ ભંડોળમાંથી પાણી, ગટર, સ્ટ્રીટ, લાઈટ, સ્ટોમ વોટર લાવી બગીચા સહીતના કામોમાં ઉપયોગ થશે.

શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ
અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર
પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.

ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

શ્રાવણ માસ નિમિત્તે ફરાળીમાં ૭૦ થી વધુ વેરાઈટી
૨૦ વર્ષથી જુના અને જાણીતા
વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
અશોક નમકીન ભંડાર
મીઠાઈઓ - કાજુકતરી મળશે
નાગપાંચમ નિમિત્તે ખાજા મળશે
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઓમાં તાજુ તેમજ ૧૦૦% શુદ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કૂલ રોડ, નવા વાડજ, અમદાવાદ. મો : ૯૮૨૪૧૪૧૯૧૭

### નવી ડ્રાફ્ટ પોલિસી સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ થશે

# અમદાવાદમાં રીડેવલપમેન્ટની પ્રક્રિયા સરળ બનશે

## નવી નીતિ હેઠળ પરવાનગી વિના અથવા નિયમોનો ભંગ કરીને ડિમોલિશન કરનારા મિલકતધારકો અને કોન્ટ્રાક્ટરો સામે દંડ ઉપરાંત પોલીસ ફરિયાદ (FIR)ની કાર્યવાહી, ડિમોલિશન દરમિયાન આસપાસની મિલકતોને નુકસાન થાય તો તેની જવાબદારી પણ મિલકતધારકની રહેશે...

અમદાવાદ : અમદાવાદ શહેરમાં જૂની અને જર્જરિત રહેણાક સોસાયટીઓ તથા કોમર્શિયલ મિલકતોના રીડેવલપમેન્ટની કામગીરીને ધ્યાનમાં રાખીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી)ના ટાઉન ડેવલપમેન્ટ વિભાગે ‘અમદાવાદ સસ્ટેનેબલ ડિમોલિશન પોલિસી-૨૦૨૬’નો ડ્રાફ્ટ તૈયાર કર્યો છે. પર્યાવરણનું રક્ષણ અને નાગરિકોની સલામતી સુનિશ્ચિત કરવાના હેતુથી તૈયાર કરાયેલી આ ડ્રાફ્ટ પોલિસી મંજૂરી માટે એએમસીની સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ રજૂ કરવામાં આવશે.

રિપોર્ટ મુજબ, ‘અમદાવાદ સસ્ટેનેબલ ડિમોલિશન પોલિસી-૨૦૨૬’નો ડ્રાફ્ટ મુજબ, પરવાનગી વિના અથવા નિયમોનો ભંગ કરીને ડિમોલિશન કરનારા મિલકતધારકો અને કોન્ટ્રાક્ટરો સામે દંડ ઉપરાંત પોલીસ ફરિયાદ (FIR)ની કાર્યવાહી થઈ શકશે. ડિમોલિશન દરમિયાન આસપાસની મિલકતોને નુકસાન થાય તો તેની જવાબદારી પણ મિલકતધારકની રહેશે. ૫૦૦ ચો.મી.થી વધુ બિલ્ટ-અપ વિસ્તાર ધરાવતી મિલકતોનું ડિમોલિશન કરાવવા માટે ઓછામાં ઓછા સાત દિવસ અગાઉ મંજૂરી લેવી પડશે. જ્યારે ૧૫ મીટરથી વધુ ઊંચાઈ ધરાવતી અથવા ૧૦,૦૦૦ ચો.મી.થી વધુ બિલ્ટ-અપ વિસ્તાર ધરાવતી ઈમારતો તોડવા માટે સ્ટ્રક્ચરલ એસેસમેન્ટ રિપોર્ટ, કન્સ્ટ્રક્શન એન્ડ ડિમોલિશન વેસ્ટ મેનેજમેન્ટ પ્લાન તેમજ એન્વાયર્નમેન્ટલ અને સેફ્ટી



મેનેજમેન્ટ પ્લાન રજૂ કરવાના રહેશે. પ્રમાણિત નિષ્ણાતની દેખરેખ વિના ડિમોલિશનની કામગીરી કરી શકાશે નહીં.

૫૦૦ ચો.મી.થી ઓછી બિલ્ટ-અપ વિસ્તાર ધરાવતી મિલકતો માટે પણ સલામતી અને પર્યાવરણને લગતા નિયમોનું પાલન ફરજિયાત રહેશે.૧૫ મીટરથી ઓછી ઊંચાઈ અને ૫,૦૦૦ ચો.મી. સુધીના બિલ્ટ-અપ વિસ્તાર ધરાવતી ઈમારતો માટે ડિમોલિશનની મંજૂરી ઓછામાં ઓછા સાત દિવસ અગાઉ મેળવવાની રહેશે. ૧૫ મીટરથી વધુ ઊંચાઈ અથવા ૧૦,૦૦૦ ચો.મી.થી વધુ બિલ્ટ-અપ વિસ્તાર ધરાવતી ઈમારતો માટે ડિમોલિશન પહેલાં સ્ટ્રક્ચરલ એસેસમેન્ટ રિપોર્ટ તથા ડિમોલિશન વેસ્ટ મેનેજમેન્ટ અને સેફ્ટી પ્લાન રજૂ કરીને મંજૂરી લેવી ફરજિયાત રહેશે.

ડિમોલિશન પહેલાં પાણી, વીજળી અને ગેસ સહિતની તમામ યુટિલિટી સેવાઓનું જોડાણ કાપવામાં આવ્યું હોવાના દસ્તાવેજો પણ રજૂ કરવાના રહેશે. ડિમોલિશન દરમિયાન ટ્રાફિકના પ્રવાહ અથવા રાહદારીઓની સલામતી સાથે કોઈ બાંધછોડ કરી શકાશે નહીં. ડિમોલિશન સ્થળે ‘Demolition Work in Progress’ અને ‘Danger’ જેવા ચેતવણીના સાઈનબોર્ડ લગાવવાના રહેશે.

હવાનાં પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે ડિમોલિશન સ્થળે ડસ્ટ બેરિયર અને વિન્ડ શિલ્ડ લગાવવી પડશે. ઈમારતને સંપૂર્ણપણે ગ્રીન નેટથી ઢાંકવી પડશે. ડિમોલિશન પહેલાં અને કામગીરી દરમિયાન પાણીના સ્પ્રિંક્લરનો ઉપયોગ કરવો પડશે તથા સતત મિસ્ટિંગ સિસ્ટમ કાર્યરત રાખવી પડશે. સ્થળ પર ડસ્ટ મોનિટરિંગ સિસ્ટમ પણ સ્થાપિત કરવાની રહેશે. કટિંગ અને ડ્રિલિંગની કામગીરી માત્ર ડિમોલિશન સાઇટની સીમાની અંદર જ કરવાની રહેશે, જેથી આસપાસના જાહેર રસ્તાઓ પર ટ્રાફિક અથવા રાહદારીઓની અવરજવર પર અસર ન પડે.

ડિમોલિશન દરમિયાન નીકળતા કાટમાળને સ્થળ પર ખુલ્લો રાખી શકાશે નહીં. કાટમાળને ઢાંકીને રાખવો અને કવર કરાયેલાં વાહનોમાં ૪૮ કલાકની અંદર સાઇટની બહાર લઈ જવો ફરજિયાત રહેશે. ડિમોલિશન પહેલાં અને બાદના ફોટોગ્રાફ પણ રજૂ કરવાના રહેશે. એએમસીના એક અધિકારીએ જણાવ્યું કે, ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સ અને ૨૦૩૬માં ઓલિમ્પિક ગેમ્સ યોજાવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને શહેરમાં જૂની સોસાયટીઓ અને કોમર્શિયલ મિલકતોના મોટા પાયે રીડેવલપમેન્ટની શક્યતા છે.

### સરકારનું કોઈ હિત ન હોવા છતાં અધિકારીએ અસાધારણ રસ દાખવ્યો

# નીલેન્દુ પાર્ક કેસ : હાઈકોર્ટે જીલ્લા રજીસ્ટ્રારના શંકાસ્પદ વલણ સામે તપાસનો આદેશ આપ્યા

## દોષિત જણાય તો અધિકારી સામે કડક શિસ્તભંગનાં પગલાં ભરવા હાઈકોર્ટનો સ્પષ્ટ નિર્દેશ

અમદાવાદ સહકારી મંડળી હાઉસીગના જીલ્લા રજીસ્ટ્રાર વિશાલ કપુરીયા દ્વારા કોર્ટની કાર્યવાહીમાં બે વખત દખલગીરી કરવાનો અને સુનાવણી મોકુફ રખાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જેને ગંભીરતાથી લઈને ગુજરાત હાઈકોર્ટે તેમન શંકાસ્પદ આચરણ સામે સખત નારાજગી વ્યકત કરી છે. ન્યાયમુર્તિ નિરજ એસ. દેસાઈની બેંક સમક્ષ નીલેન્દુપાર્ક કોઓપરેટીવ હાઉસીગ સોસાયટી લિમીટેડ અને અન્ય દ્વારા દાખલ કરવામાં આવેલી સ્પેશીયલ સિવીલ એપ્લીકેશન પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કોર્ટે અવલોકન કર્યુંહતું કે સરકારી પક્ષકાર કે રાજય સરકારનું આ મામલે કોઈ હિત ન હોવા છતાં અને કોઈ સરકારી નાણાં સંકળાયેલાં ન હોવા છતાં જીલ્લા રજીસ્ટ્રારે અસાધારણ રસ દાખવીને વારંવાર સુનાવણી ટાળવાના પ્રયાસો કર્યા હતા. મંડળીના વરીષ્ઠ વકીલ પી.કે. જાની અને દીપન દેસાઈએ રજુઆત કરી હતી.




કે અરજદાર સોસાયટીએ પ્રીડિસેસર-ઈન ટાઈટલ પાસેથી રજીસ્ટર્ડ સેલ ડીડ દ્વારા જમીન ખરીદી હતી. પરંતુ વર્ષ ૧૯૮૨થી મંડળીના સભ્યપદેથી રાજીનામું આપી ચુકેલા અને છેલ્લા ૩૦ વર્ષથી વધુ સમયથી કયારેય કોઈ વાર્ષિક સામાન્ય સભા એજીએમમાં હાજરી ન આપનાર ત્રીજા પક્ષકાર દ્વારા મંડળી સામે અનિયમિતતાઓની અસત્ય અરજીઓ કરવામાં આવી હતી. આ અરજીના આધારે જીલ્લા રજીસ્ટ્રારે સોસાયટીના વહીવટ માટે એક એડમીનીસ્ટ્રેટરની નિમણુંક કરી દીધી હતી. અને વિવાદાસ્પદ આદેશો પાઠવ્યા હતા. કોર્ટે આ સમગ્ર પ્રકરણમાં અધિકારીના અતિ-ઉત્સાહ અને રહસ્યમ્ય વલણ સામે સવાલો ઉઠાવતાં સહકાર વિભાગના સચિવાલયને આદેશ કર્યો છે. જો તપાસમાં જીલ્લા રજીસ્ટ્રાર દોષીત જણાય તો તેમની સામે કડક શિસ્તભંગનાં પગલાં લેવામાં આવે. હાઈકોર્ટે આ કેસની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તા.૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજની નોટીસ સાથે તાત્કાલિક ધોરણે અરજદારની તરફેણમાં વચગાળાની રાહત મંજુર કરી છે. અને સમગ્ર મામલે આગળ વધુ સુનાવણી હાથ ધરવામાં આવશે.

100% PURE VEG
PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪,
મો : ૯૯૨૪૫૯૯૫૯૫



અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

## અમદાવાદની શાળાઓમાં બોર્ડની પરીક્ષા પહેલાં

# નામ, અટક સુધારણા માટે ખાસ કેમ્પ યોજાશે

અમદાવાદ શહેર પૂર્વ અને પશ્ચિમ જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી દ્વારા તાબા હેઠળની શાળાઓ માટે ખાસ 'સુધારણા કેમ્પ' નું આયોજન કરાયું છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણબોર્ડ દ્વારા આગામી વર્ષ ૨૦૨૭ માં યોજાનારી ધો.૧૦-૧૨ ની બોર્ડ પરીક્ષાઓના આવેદનપત્રો ભરવાની કાર્યવાહી શરૂ થાય તે પહેલાં જ વિદ્યાર્થીઓના રેકોર્ડમાં રહેલી ભૂલો નિવારી શકાય તે હેતુથી આ વિશિષ્ટ ઝુંબેશ હાથ ધરાઇ છે. આ કામગીરીમાં ૧૬ સપ્ટેમ્બરથી લઇને ૨૨ સપ્ટેમ્બર દરમિયાન કેમ્પનું આયોજન કરાયું છે. જેની મદદથી બોર્ડની પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓની હાલાકી દૂર થશે. બોર્ડની પરીક્ષાના ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થીઓના નામ,

### ૧૬ થી ૨૨ સપ્ટેમ્બર સુધી તબક્કાવાર બિટ પ્રમાણે કેમ્પનું આયોજન કરાયુ

અટક કે જાતિમાં થતી ભૂલોને કારણે વાલીઓ અને શાળાઓએ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. આ સમસ્યાના કાયમી નિવારણ અર્થે શાળા કક્ષાએ જ સરળતાથી સુધારા થઇ શકે તે માટે બીઝ વાઇઝ કેમ્પ યોજવામાં આવ્યા છે. આ કામગીરી માટે મદદનીશ શિક્ષણ નિરીક્ષકો, જુનિયર ક્લાર્ક તથી આઇઇડીએસએસ યોજનાના વિશિષ્ટ શિક્ષકો સહિતના કર્મચારીઓની ખાસ ફરજ સોંપાઇ છે. આ ખાસ કેમ્પ સવારે ૧૦.૩૦ થી બપોરે ૨ કલાક દરમિયાન યોજાશે. જેમાં બીટ નંબર ઇ-૪ નો કેમ્પ ૧૬ સપ્ટેમ્બરના રોજ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળા, રાયખડ ખાતે યોજાશે. બીટ નંબર ઇ-૫ નો કેમ્પ ૧૭ સપ્ટેમ્બરના રોજ સીટીએમ ખાતેની પૂજા વિદ્યાલયમાં અને બીટ નંબર ઇ૬ નો ૧૮ સપ્ટેમ્બરના રોજ મણિનગર ખાતે ન્યુ મેઘદૂત હાઇસ્કૂલમાં કેમ્પ યોજાશે. જે શાળાઓ નિયત તારીખોમાં કામગીરી પૂર્ણ ન કરી શકે તે માટે અલગથી દિવસો ફાળવાયા છે. જેમાં અમદાવાદ શહેર પશ્ચિમની બાકી શાળાઓ માટે ૨૧ સપ્ટેમ્બરના રોજ નારણપુરાની સેન્ટ ઝેવિયર્સ લોયોલા હોલ ખાતે કેમ્પ યોજાશે. જ્યારે અમદાવાદ શહેર પૂર્વની બાકી શાળાઓ માટે ૨૨ સપ્ટેમ્બરના રોજ રાયખડ ખાતેની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કન્યા શાળામાં કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

# ભાદરવી મહાકુંભ દરમિયાન અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા દર્શનનો સમય વધારાયા

અંબાજી : શક્તિપીઠ અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળાને હવે શરૂ થવામાં ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે ૨૦ સપ્ટેમ્બરથી ૨૬ સપ્ટેમ્બર એટલે કે ૭ દિવસ ચાલનારા મેળામાં આવતા લાખો પદયાત્રીઓને શાંતિ અને સરળતાથી દર્શનનો લાભ મળી રહે તે માટે મેળાના સાત દિવસ માટે મંદિરના દર્શન, આરતીના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ સમયગાળા દરમિયાન અંબાજી મંદિરની હવનશાળાના હવન અને અન્નકૂટ બંધ રહેશે. મેળામાં ઉમટતા લાખો

### ૨૦ થી ૨૬ સપ્ટેમ્બર સુધીમાં મંદિર સવારે ૬થી રાત્રિના ૧૨ વાગ્યા સુધી ખુલ્લું રહેશે

શ્રદ્ધાળુઓને દર્શનનો લાભ મળી રહે તે માટે દર્શનના સમયમાં પણ વધારો કરાયો છે. સામાન્ય દિવસોમાં જે આરતી સવારે ૭.૩૦ કલાકે શરૂ થતી હતી તેના બદલે મેળાના સાતેય દિવસ સવારે ૬ કલાકે આરતી શરૂ કરવામાં આવશે અને બપોર બાદ મંદિર ૪.૩૦ કલાક સુધી દર્શન માટે ખુલ્લું રહેતું હતું તેના બદલે ૫ વાગ્યા સુધી ખુલ્લું રહેશે તેમજ રાત્રે મંદિર ૯ કલાકે મંગળ થતું હતું તેના બદલે હવે મધ્યરાત્રિના ૧૨ વાગ્યા સુધી મંદિર ખુલ્લું રહેશે. જોકે બપોરે ૧૧.૩૦ થી ૧૨.૩૦ અને સાંજે ૫.૦૦ થી ૭.૦૦ વાગ્યા સુધી માતાજીના શણગાર અને વિધિ માટે મંદિર બંધ રહેશે. યાત્રિકોના ધસારાને લઈ દર્શન માટે કોઈ તકલીફ ન પડે તેને લઈ મંદિર ટ્રસ્ટે મોટો નિર્ણય લીધો છે. જેમાં મંદિર ચાચરચોકની હવન શાળામાં કોઈપણ હોમ હવન કરાશે નહીં તેમજ માતાજીને ધરાવતા અન્નકૂટ પણ આ મેળા દરમિયાન ધરાવી શકાશે નહીં.

## નિઃશુલ્ક આરોગ્ય તપાસ તથા વિનામૂલ્યે દવાઓનું વિતરણ

# માધુપુરા ખાતે 'મેગા મેડિકલ કેમ્પ' અને 'રક્તદાન કેમ્પ' યોજાયો




અમદાવાદ : શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાની ઉપસ્થિતિમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા માધુપુરા અર્બન હેલ્થ સેન્ટર ખાતે 'બ્લડ ડોનેશન કેમ્પ' તથા નિઃશુલ્ક 'મેગા મેડિકલ કેમ્પ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પ દરમિયાન સ્થાનિક નાગરિકોને નિઃશુલ્ક આરોગ્ય તપાસ તથા વિનામૂલ્યે દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. કેમ્પમાં વિવિધ તબીબી સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. જેમાં સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટરો દ્વારા મેડિકલ ચેક-અપ, બાળરોગ નિષ્ણાતોની સેવાઓ, લેબોરેટરી તપાસ, સ્ત્રીરોગ નિદાન તથા સારવાર, થેલેસેમિયા મેજર-માઈનોર અંગેની તપાસ તેમજ સર્જન અને ચામડીના રોગોના તજ્જ્ઞો દ્વારા નિદાન અને સારવાર ઉપરાંત આયુર્વેદિક ડૉક્ટરો દ્વારા સારવારનો સમાવેશ થાય છે. વધુમાં, સર્વાઇકલ કેન્સરથી રક્ષણ માટેની રસીકરણ સેવા તેમજ ટીબીની કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્યમંત્રીએ સમાજના દરેક વર્ગ સુધી સુલભ અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સેવાઓ પહોંચે તથા નાગરિકોમાં આરોગ્ય પ્રત્યે જાગૃતિ વધે તે દિશામાં આવા સેવાકીય આયોજનો પર ભાર મૂક્યો હતો.









Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.